

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*લેબ રિપોર્ટમાં અવનવા નૂસખા શોધાય છે!*
*ઈનાઈ દર્દી આંકડામાં સાજા-માંદા નોંધાય છે!*
*જપો મંત્ર - 'ફીટનેશ કા ડોઝ આધા ઘંટા રોજ'*
*રોજ અવનવા સૂત્રોની વેક્સીન શોધાય છે!*

હાઈકુ

*આપે રિપોર્ટ,*
*આજ્ઞાંકિત રોબોટ -*
*લેબ રિમોટ!!*
*(કહ્યાગરાં મશીનો)*

*જેટલા માંદા -*
*એટલા થાય સાજા !!*
*મરે ન કોઈ !!*
*(આંકડાની વેક્સીન)*

### ચિંતન

**ઉત્તરમૈરનનુજ્ઞાતં કાર્યં નેચ્છેચ્ચ તૈઃ સહ ।**
**દૈવૈઃ સાકં સુધાપાનાં દાહોચ્છિનનં શિરા યતઃ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.**

**મહાપુરુષોની આજ્ઞા અને ઈચ્છા વિના તેમના કાર્યમાં તેમની સાથે જોડાવું નહીં અને એવી ઈચ્છા પણ વ્યક્ત ન કરવી, કારણ કે વગર રજાએ દેવોની સાથે અમૃતપાન કરવા જતાં પ્રાચીન કાળમાં રાહુએ પોતાનું મસ્તક ગુમાવ્યું હતું.**

**મોટાઓના આયોજન, કાર્યો, રમતો કાર્યશેલી અને પરિણામો ગણતરી પૂર્વકના હોય છે. એમાં વગર વિચારે જોડાવાની મૂર્ખાઈ કે ઈચ્છા વ્યક્ત ન કરવી. આવાં મોટાં માથાં જ્યારે આપણી સેવા લેવાની ઈચ્છા વ્યક્ત કરે કે આજ્ઞા આપે ત્યારે જ એમાં જોડાવું જોઈએ.**

**ઘણીવાર કોઈ કાર્ય દેખાવમાં કંઈ જુદાં હોય છે. તેના - હેતુ તદ્દન વિપરીત અને અણધાર્યા કે આપણા અનુમાનમાં પણ ન હોય એવા એનાં પરિણામ હોય છે.**

### સુવિચાર

- માણસે કયાંક પહોંચવું હોય તો એનામાં કેટલુંક અક્કલપૂર્વકનું અજ્ઞાન હોવું જરૂરી છે - **વિલરોજર્સ**
- અંતઃકરણ એ સમાજે પોતાની સુરક્ષા માટે વિકસાવેલા નિયમોનું પાલન કરવાનું કહેનારો ચોકીદાર છે - **સમરસેટ મોમ**
- ગઈકાલ પર મેં તાળું માર્યું છે ને ચાવી ફેંકી દીધી છે, આવતીકાલની મને કંઈ બીક નથી, કારણ કે આજ મને જડી છે - **રુસો**
- આશાનો સથવારો સારો, પણ ઘણું ખરું એ સાચો ભોમિયો નથી - **સર ફિલિપ**
- કાર્ય પ્રભુનું કરવા માટે ઓજાર બનીને રહીએ પ્રભાના હાથનું - **અરવિંદ**
- ઉન્નત ભ્રૂ આદમી એટલે જેનાં ભવા ચડેલાં રહે છે તેવો આદમી. એ એવો આદમી છે કે એની અક્કલ કરતાં વધારે ભણેલો છે - **સંત મેથ્યુસ**
- આજનું ઔષધ : બથુઆ (ભાજીનો એક પ્રકાર) ને પાણીમાં ઉકાળી તેનાથી વાળ ધોવાથી ખોડો મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બ્રિટનના રાજકારણમાં ઉત્તમ રાજકારણી તરીકે વિખ્યાત હર્બટ સ્ટેનળી મોરિસનમાં ગરીબીને કારણે તેઓ યુવાનવયે માતાપિતાને મદદરુપ થવા ઘરની નજીક કરિયાણાની દુકાનમાં હેલ્પર તરીકે કામ કરતા. એકવાર એક વિદ્વાન સામુદ્રિક શાસ્ત્રી વિલ્બર્ટ તેમની દુકાનમાં આવ્યા. એમણે હર્બટના કપાળ, આંખો, કાનનો આકારનું નિરીક્ષણ કરીને કહ્યું, 'આ યુવાનના લક્ષણ વિદ્વાન લેખક મેકોલે જેવા છે. જેમણે કેળવણી વિશે જગતને નવા વિચારો આપ્યા હતા.' આ વાત સાંભળી હર્બટ મોરિસનને મેકોલેના જીવન વિશે વધુ જાણવાની ઈચ્છા થઈ. નવરાશના સમયમાં તેમણે મેકોલે વિશેનું બધું જ સાહિત્ય લાઈબ્રેરીમાં જઈ વાંચી નાખ્યું. બ્રિટના મજૂર પક્ષની પ્રવૃત્તિમાં રસ લઈ પાંત્રીસમે વર્ષે મોરિસન લંડનના હેક પરગણાનો કાઉન્સિલર બન્યો. એણે પરગણામાં ફરજિયાત ગ્રીન બેલ્ટ રાખવાનો કાયદો કર્યો. તથા રસ્તાઓની સ્વચ્છતા અને વરસાદી પાણીનો નિકાલ વગેરેમાં સક્રિય ભૂમિકા નિભાવી. વખત જતા તેઓ બ્રિટનના ગૃપ્રધાન અને નાયબ વડાપ્રધાન પણ બન્યા. આ ઉપરાંત તેઓ રાજનીતિ અને વાહન વ્યવહાર અને પર્યાવરણ વિષયક મહત્ત્વના ગ્રંથો પણ રચ્યા.

# ઉત્તરપ્રદેશમાં દલિત-શોષિતોના દમનનો પર્દાફાશ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંધારણે આપેલા સમાન અને કેટલાક રક્ષણાત્મક વિશેષાધિકારોની રૂએ દલિત અને આદિવાસી સમાજ સાથે અન્યાય ન થઈ જાય એની કાળજી રાખતા રહ્યા છે. સંઘ પરિવારમાં આ પછાત સમાજ હરહંમેશ હાંસિયામાં જ રહ્યો છે, જો કે એમને ધર્મપરિવર્તન કરતા અટકાવવા એ અત્યંત આતુર અને સતત જાગ્રત રહે છે. ભારતીય જનતા પાર્ટીએ વાજપેયી - અડવાણી યુગમાં એક દક્ષિણ ભારતીય દલિત સાંસદને રાષ્ટ્રીય પ્રમુખ પણ બનાવેલાં, જો કે એ લાંચ લેતાં પકડાઈ ગયા હતા અને એમની કારકિર્દી નામોશી સાથે સમાપ્ત થઈ ગઈ હતી. મોદી પોતાને પછાતોના મસીહા તરીકે રજૂ કરતા રહ્યા છે અને બંધારણને ગીતા જેટલું મહત્ત્વ આપતા હોવાનાં એમનાં નિવેદનો સુવિદિત છે. પરંતુ સરકાર જે રીતે વર્તી રહી છે તે જોતાં કોંગ્રેસ શાસન કાળમાં આ બે વર્ગોમાં જે પ્રભાવ હતો એનો હજારમો ભાગ પણ દૃષ્ટિ ગોચર નથી થતો. અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે ખાસ રચાયેલા આયોગોનું કોઈ રણીધણી નથી. હાથરસ અને બલરામપુરની મહિલા ઉત્પીડન કથાઓ પછી કેન્દ્રની મોદી સરકાર અને ઉત્તરપ્રદેશની યોગી સરકાર આ મુદ્દે શંકાના દાયરામાં આવી ચૂકી છે. હાથરસની દલિતાની ફરિયાદ રફેદફે કરવા સ્થાનિક વહીવટી તંત્ર આકાશપાતાળ એક કરી રહ્યું છે. ખુદ કલેકટર મૃતક યુવતીના પિતાને દીકરી સાથે બળાત્કાર થયો હોવાનું નિવેદન બદલવા દબાણ કરતા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. કલેકટર પૂછે છે કે ધારો કે તમારી દીકરી કોરોનાથી ગુજરી ગઈ હોય તો તમને અમે વળતર ચૂકવવાના હતા? જરા અમારી ભલમનસાઈ તો સમજો! મૃતક યુવતીના રાતોરાત ઘરમાં માણસોને અંધારામાં રાખી પોલીસ દ્વારા અગ્નિસંસ્કાર કરી દેવાયા, એટલું જ નહીં, આખા ગામને બાનમાં લઈ બહારની કોઈ વ્યક્તિ કે મીડિયાકર્મીને ગામમાં પ્રવેશવા નહીં દેવાનો જડબેસલાક બંદોબસ્ત કરાયો. આવો નિર્ણય સ્થાનિક પ્રશાસન રાજય સરકારના આદેશ વગર લઈ શકે ખરું? યોગી આદિત્યનાથની શાસન શૈલી લોકશાહીના નિયમો પાળવામાં માનતી નથી. બધું જ કડક હાથે દાબી દઈ આતંકનું વાતાવરણ સરજી નબળા વર્ગોની બોલતી બંધ કરવાની એમની રીતરસમ લઘુમતી અને દલિત સમાજ ઉપરના આવા દમનકારી વલણથી ખુલ્લી પડી ગઈ છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને મહામંત્રી પ્રિયંકા ગાંધી કાર્યકરો સાથે હાથરસ જવા નીકળ્યા ત્યારે દિલ્હી - ઉત્તરપ્રદેશની સરહદ પર જ, યમુના એક્સપ્રેસ વે પર એમની બળજબરીપૂર્વક અટકાયત કરીને યોગી સરકારે પ્રજાના અવાજનું ગળું રૂંધવાનો જ પુરાવો આપ્યો છે. રાહુલ ગાંધી સાથે પોલીસનું વર્તન પણ ખૂબ જ વખોડવાપાત્ર હતું. પ્રિયંકા ગાંધીએ યોગીને પૂછેલા પ્રશ્નો પણ સમયોચિત છે. વડાપ્રધાને ઘટનાના ચૌદ દિવસ બાદ હસ્તક્ષેપ કર્યો ત્યારે મુખ્યમંત્રીએ એ જઘન્ય ઘટનાની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરી તે જ શું સૂચક નથી? વળી હાથરસ ઘટના અંગે ડીઆઈજી કક્ષાના પોલીસ અધિકારી તો બેફામ નિવેદન કરી ચૂક્યા છે. તેઓ કહે છે કે બળાત્કાર થયો જ નથી! યુવતીનું મૃત્યુ ગળા પર થયેલી ઈજાઓને કારણે થયું છે. યુવતીએ પણ એવા નિવેદનમાં બળાત્કાર થયો હોવાનું જણવ્યું નથી અને ફોરેન્સિક રિપોર્ટ પણ બળાત્કાર થયો હોવાનું જણાવતો નથી. શું એ યુવતીને બાજરીના ખેતરમાં કાળમુખા ગુંડાઓ ફક્ત હાકડાં પાસળાં તોડી નાખવા ઢસળી ગયા હતા? બની શકે કે યુવતી એમને તાબે ન થઈ હોય અને બળાત્કારની ઘટનાને અંજામ નહીં આપી શકનારા આરોપીએએ એને મરણતોલ માર મારી ફેંકી દીધી હોય. જો કે ફોરેન્સિક રિપોર્ટ પણ યોગી સરકારના ઈશારે જ નહીં લખાયો હોય એની શી ખાતરી? હાથરસ પછી બનેલી અન્ય દલિત પ્રતાડનાની ઘટનાઓ પણ યોગી સરકારના ત્રાસવાદી સ્વરુપને જ છતું કરે છે.

## જબ ગરીબી દરવાજે સે અંદર આતી હૈ, તો પ્યાર ખિડકી સે બાહર ચલા જાતા હૈ

**જબ ગરીબી દરવાજે સે અંદર આતી હૈ, તો પ્યાર ખિડકી સે બાહર ચલા જાતા હૈ**

**- જન્નત**



વિચારયાત્રા

ડાયલોગથી દેવભાષા

ઈમરાન હાશમી અભિનિત મહેશ ભટ્ટ નિર્મિત અને કુનાલ દેશમુખ દિગ્દર્શિત 'જન્નત' પિક્ચર તેના સંવાદોનાં કારણે પણ લોકપ્રિય થયું હતું. સંજય માસુમે ઉપરોક્ત સંવાદ લખ્યો છે, અને પિકચરમાં ડોનનું પાત્ર ભજવતા જાવેદ શેખના મુખે આવે છે જયારે સટ્ટા બજારમાં ઈમરાન હાશ્મી ખૂબ પૈસા ગુમાવીને રોડ પર આવી જાય છે, ત્યારે ઈમરાન હાશ્મિને તેની પ્રિયતમા પણ છોડીને ચાલી જાય છે, આવા સમયે જાવેદ શેખ આ સંવાદ બોલે છે, જે જીવનની કટુ વાસ્તવિકતા છે, પૈસા હોય ત્યારે બધા સાથે હોય છે, પરંતુ દરિદ્રતાના દર્શન થતા જ આપણો પડછાયો પણ સાથ છોડી દેવાના મનસુબા ધરાવતો થઈ જાય છે. આવા જ અર્થ સામ્ય વાળો એક શ્લોક 'મૃચ્છ કટિકમ્' માં મળી આવે છે.

**દારિદ્રયાત્પુરુષસ્ય બાન્ધવજનો વાક્યે ન સંતિષ્ઠતે ।**
**સુસ્નિગ્ધાં વિમુખીભવન્તિ સુહૃદઃ સ્ફારીભવન્ત્યાપદઃ ॥**

- દારિદ્રયથી પુરુષના બાંધવજનો કહ્યામાં રહેતા નથી, અત્યંત નિકટના મિત્રો વિમુખ થાય છે, આપત્તિ વકરે છે.

'શુદ્રક' રચિત 'મૃચ્છકટિકમ્' પ્રકરણ નાટકના પ્રથમ અંકમાં જ નાટકના નાયક ચારુદત્તના મુખે આ શ્લોક 'શૂદ્રકે' મૂકયો છે.

'મૃચ્છકટિકમ્' પ્રકરણ નાટક આશરે ઈ.સ. ની છઠ્ઠી કે સાતમી સદીની રચના મનાય છે, અને આ જ નાટક પરથી શેખર સુમન રેખા અભિનિત અને ગિરીશ કર્નાડ દિગ્દર્શિત, શશીકપૂર નિર્મિત 'ઉત્સવ' પિકચર ૧૯૮૪માં નિર્માણ પામી ચૂક્યું છે.

સંસ્કૃત સાહિત્યની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર વર્તમાન ચલચિત્રો કે નવલકથાનકો પર કયાંકને કયાંક પડ્યા વગર રહી નથી. નાટકની શરુઆતમાં જ વર્ણન આવે છે કે, ચારુદત્ત કે જે એક સમયે ખૂબ જ ધનવાન નગરશેઠ હોય છે, કાળક્રમે સંપત્તિ ચાલી જતાં દરિદ્રતાના કારણે એક સમયના ભર્યાભાદર્યા ઘરમાં જયાં લોકોના ધાડા ઊમટી રહેતા હતા, ચારુદત્તના અઢળખ મિત્રો હતા, તે બધા ચારુદત્ત દરિદ્ર થતા જ તેનો સાથ છોડી જાય છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

## ૩૧મીએ ઓનલાઈન ગુજરાતી કવિ સંમેલન

વૃત્ત સંચય

● ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા, સંત રોહિદાસની શિષ્યા અને પરમ કૃષ્ણભક્ત મીરાંબાઈની જન્મજયંતી નિમિત્તે, તા.૩૧મી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ, ઓનલાઈન ગુજરાતી કવિ સંમેલન યોજવામાં આવેલ છે. જે કવિમિત્રો આમાં જોડાવા માંગતા હોય તેમણે, પ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલ (મોબાઈલ નં.૮૮૪૯૭૯૪૩૭૭) અથવા મૂળજી પરમાર 'દધિ' (મો.૯૮૨૪૨૩૬૮૯૩) નો સંપર્ક સાધવા જણાવાયું છે.



સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાતી સાહિત્યક્ષેત્રે ૧૧૫ વર્ષ જૂની સંસ્થા, ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણી એક પ્રતિષ્ઠાભર્યો જંગ મનાય છે. આજીવન સભ્યો ઉપરાંત,સંવર્ધક સભ્યો અને સંસ્થા પ્રતિનિધિના સભ્યો માટે પણ, પહેલીવાર ચૂંટણી યોજાઈ રહી છે.આ વખતે પ્રમુખની ચૂંટણીમાટે ત્રણ ઉમેદવાર (૧)પ્રકાશ ન. શાહ (૨) હરિકૃષ્ણ પાઠક અને (૩) હર્ષદ ત્રિવેદીએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું છે, જેમાં બે મહાનુભાવો તો ગાંધીનગરના છે. સાથોસાથ મધ્યસ્થ સમિતિના ૪૦ સભ્યો માટે ૮૧ ઉમેદવારો ઊભા છે ; જેમાં ગાંધીનગરના આઠ ઉમેદવારો(૧) કનૈયાલાલ ભટ્ટ (૨)દીપક પંડ્યા(૩) ધ્વનિલ પારેખ(૪)નટુભાઈ પરમાર (૫) રાઘવજી માધડ(૬)નટવર હેડાઉ(૭) પ્રજ્ઞા પટેલ અને(૮) સમીર ભટ્ટ છે. આમ આ વર્ષે ગુજરાતી સાહિત્યમાં ગાંધીનગરનો દબદબો દેખાઈ રહ્યો છે.નિવૃત્ત આઈએએસ અધિકારી, પ્રવીણ ત્રિવેદી, ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. પ્રમુખની ચૂંટણીનું પરિણામ, ૨૪મી ઓક્ટોબરે અને મધ્યસ્થનું પરિણામ ૨૫મી ઓક્ટોબરે જાહેર થશે.

- muljibhaidadhi@gmail.com, (M)9824236893

# ડૉ. જીવરાજ મહેતા : આપણાં રાજ્યના પ્રથમ સમર્થ સુકાની



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

મે મહીનાના પ્રથમ અઠવાડિયે આપણાં રાજ્યની સ્થાપનાના શુભ દિવસે વીર ગુજરાતી ઈન્દુચાચાની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. ઈન્દુચાચાના સિંહનાદે ગુજરાતીઓ લાંબા સંઘર્ષ માટે આળસ મરડીને ઊભા થયા હતા. ઘસાઈને ઉજળા થવાનો જીવનમંત્ર લઈને ઉજળું જીવતર જીવી ગયેલા સૌના મહારાજ રવિશંકર દાદાની પણ પુણ્ય સ્મૃતિ થાય. મહારાજના હસ્તે રાજ્યની સ્થાપનાનું દીપ-પ્રાગટ્ય ગાંધી આશ્રમમાં સાબરમતીની સાક્ષીએ થાય તે ગૌરવ અને અહોભાવ ઉપજાવે તેવો પ્રસંગ છે. આ સંદર્ભમાંજ એક ત્રિજું નામ જે પણ કદી વિસ્મૃત થઈ શકે તેવું નથી તે એક અડિખમ ગાંધીવાદી આગેવાન તથા નવા સ્થપાયેલા ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી તરીકે વરણી પામનાર ડૉ. જીવરાજ મહેતાનું છે. મુંબઈ - મહારાષ્ટ્રથી જૂદા થઈને ગુજરાતને આર્થિક રીતે પગભર કરવાના અનેક પ્રશ્નો હતા. જીવરાજભાઈ તેમના બહોળા વહીવટી અનુભવ તથા તીક્ષ્ણ બુધ્ધિમત્તાને કારણે આ કાર્ય કરી શક્યા. સનત મહેતાએ તેમને ''આધુનિક ગુજરાતના ઘડવૈયા'' કહ્યા છે. (સમતાનો મેર : ડૉ. જીવરાજ મહેતા પ્રકાશક : અમરેલી જિલ્લા વિદ્યાસભા) મુંબઈથી અલગ પડ્યા પછી એક સ્વતંત્ર રાજ્ય તરીકે ગુજરાતનો વિકાસ થવો મુશ્કેલ છે તેવો મત અનેક લોકોનો હતો. ડૉકટર સાહેબે પોતાની શક્તિ, વહીવટી સૂઝ તેમજ નિષ્ઠાથી આ ભયને ખોટો પુરવાર કર્યો. જે વાત સાચી લાગે તે કહેવાની તેમની જન્મજાત શક્તિ હતી. આથીજ કોઈ સ્વમાન ઘવાય તેવી સમાધાન વૃત્તિ એ તેમના વ્યક્તિત્વને અનુરૂપ ન હતી. જોકે તેની મોટી કિમ્મત ચૂકવતા તેઓને ગુજરાતનું મુખ્યમંત્રીપદ છોડવું પડ્યું તે ઘટના ખેદ ઉપજાવે તેવી છે. તેમના અનેક કાર્યોમાં સયાજીરાવ યુનિવર્સિટીની સ્થાપના એ કદી વિસ્મૃત ન થાય તેવી બાબત છે. જોકે મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાથેનો તેમનો અંગત સ્નેહ તથા સંપર્ક તેના મૂળમાં છે. નર્મદા યોજના એ પણ ડૉ. મહેતાની દુરંદેશીનું પરિણામ છે તેમ કહી શકાય.

રત્ન પારખુ મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાથે જીવરાજભાઈની વિદેશમાં થયેલી મુલાકાત ફળદાયી બની રહી. ૧૯૨૦માં ડૉ. મહેતા પોતાની સારવાર માટે સ્વીટ્ઝર્લેન્ડ ગયા હતા. ત્યાંજ તેઓ મહારાજા સયાજીરાવ ગાયકવાડના સંપર્કમાં આવ્યા. સયાજીરાવ એક કુશળ ઝવેરી સમાન શક્તિ ધરાવતા હતા. તેઓ જીવરાજભાઈની શક્તિને પારખી શક્યા. મહારાજાએ જીવરાજભાઈને વડોદરા રાજ્યની સેવામાં જોડાવા આગ્રહપૂર્વક જણાવ્યું. પોતે વડોદરા રાજ્યનાજ વતની એટલે જીવરાજભાઈએ આ નિમંત્રણનો સ્વીકાર કર્યો. ૧૯૨૧માં તેઓ મહારાજા સયાજીરાવના અંગત તબીબ તરીકે જોડાયા. ડૉ. મહેતાનીકાર્ય કરવાની શક્તિ તેમજ ક્ષમતાને ધ્યાને રાખીને મહારાજે ૧૯૨૨માં તેમની નિમણૂંક વડોદરા રાજ્યના ચીફ મેડીકલ ઓફિસર તરીકે કરી. ૧૯૨૪માં તેઓ હંસાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તે સમયમાં સામાજિક રીતે આ એક ક્રાંતિકારી પગલું હતું. કારણકે બન્ને ભિન્ન ભિન્ન જ્ઞાતિના હતા. પંડિત જવાહરલાલ નહેરુના પિતા મોતીલાલ નહેરુના પણ ડૉ. મહેતા તેઓ તબીબ હતા. પંડિતજીને તેમનામાં સંપૂર્ણ શ્રધ્ધા હતી.

દેશ આઝાદ થયો ત્યારબાદ સરદાર સાહેબની કુનેહ તથા અથાક મહેનતથી દેશી રજવાડાઓના દેશ સાથેના વિલિનીકરણનું કાર્ય થયું. સૌરાષ્ટ્રના પણ એક સંયુક્ત રાજ્યની તે સમયમાં રચના કરવામાં આવી. ગાયકવાડી રાજ્ય પણ એક વિશાળ દેશી રાજ્ય હતું. આથીજ અંગ્રેજોની વિદાય પછી અમરેલી સહિતના ગાયકવાડી પ્રદેશોમાં જવાબદાર રાજ્યતંત્ર માટેની લાગણી પ્રબળ બની. પરંતુ સયાજીરાવ તથા તેમના પુત્ર પ્રતાપસિંહ રાવ ગાયકવાડમાં જમીન – આસમાનનો તફાવત હતો. પ્રતાપસિંહરાવ રાજ્યની સંપત્તિના ભોગે એશ આરામ કરનારા રાજવી તરીકે જાણીતા હતા. તેઓ મહદ્અંશે વિદેશમાં રહેતા હતા. વૈભવી જીવન જીવનારા હતા. લોકોથી વિમુખ હતા. સરદાર સાહેબના પ્રયાસને કારણે ડૉ. જીવરાજ મહેતાની નિમણૂંક વડોદરા રાજ્યના દીવાન તરીકે થઈ હતી. (જૂન-૧૯૪૮) સરદાર સાહેબનું આ પગલું દીર્ઘદ્રષ્ટિયુક્ત તેમજ કૂનેહપૂર્ણ હતું. મહારાજા પ્રતાપસિંહરાવના પ્રજા વિરોધી વલણને ડૉ. મહેતા સહન કરે તેવી સંભાવના હતી નહિ. એવી સમાધાનવૃત્તિ કે પોતાની સલામતીની ભાવના મહેતા સાહેબની પ્રકૃતિમાંજ ન હતા. આથી ઓગસ્ટ-૧૯૪૮માં વડોદરા રાજ્યની ધારાસભામાં મહારાજાના કેટલાક પ્રજા વિરોધી કાર્યોની અસરકારક તેમજ તર્કબધ્ધ રજૂઆત ડૉ. મહેતાએ કરી. મહારાજા સામેનું એક વિસ્તૃત તહોમતનામુ તેમણે ધારાસભામાં રજૂ કર્યું. જે દીવાનની નિમણૂંક રાજવીએ કરી હોય તેજ વ્યક્તિ રાજવી પાસે પ્રજાવતી ન્યાય મેળવવા જવાબ માંગે તે એક જવલ્લેજ બને તેવી ઘટના હતી. જીવરાજભાઈના પ્રયાસોથી વડોદરા રાજ્યની ધારાસભામાં મહારાજને ગાદીત્યાગ કરવા માટે અનુરોધ કરતો ઠરાવ પસાર થયો. પ્રજામતનો મીજાજ જોઈને અંતે મહારાજાને લંડનથી પાછા આવીને ગાદીત્યાગ કરવો પડ્યો. ડૉ. મહેતા સાહેબે વડોદરામાં જે શાસન પરિવર્તન કરાવ્યું તે ગુજરાતના ઈતિહાસની એક ભાતીગળ ઘટના છે. ગાંધી વિચાર પ્રેરીત અહીંસક તથા તર્કબધ્ધ એવી આ ઘટના સ્મૃતિમાં કાયમ રહે તેવી છે.

વડોદરા રાજ્યના થોડા સમય પહેલાજ નીમાયેલા આ દીવાન ગરવી ગુજરાત રાજ્યની સ્થાપના પછી રાજ્યના પહેલા મુખ્ય પ્રધાન થયા હતા તે બાબત દરેક ગુજરાતી માટે ઐતિહાસિક ગર્વનો વિષય છે. ગુજરાત રાજ્યની સ્થાપનાના શુભ દિવસોમાં ડૉકટર સાહેબની સ્મૃતિ વિશેષ થાય તે સ્વાભાવિક છે. આવા મહાનુભાવોનું સ્થાન લોક હૃદયમાં હમેશા આદરથી સચવાઈને રહે છે. અમરેલીના કવિ રમેશ પારેખે લખેલું છે તેમ આવા પુણ્યશ્લોક વ્યક્તિઓના પગલા કાળ પણ સાચવીને રાખે છે.

પડે ન સહેજે ખુદનો ડાઘો
એમ જગતને અડે
દુર્લભ એ દરવેશ કે જેના
કાળ સાચવે પગલાં.

ગુજરાતના સમજુ નાગરિકો રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક તેમજ ડૉ. જીવરાજ મહેતાના જીવન તેમજ તેમના સમાજલક્ષી યોગદાનમાંથી હમેશા પ્રેરણા મેળવી શકે છે. 'રોલ મોડેલ્સ' લોકોની શોધ કરવા ગુજરાતે બહાર ક્યાંય નજર દોડાવવાની કદાચ જરૂર નથી.

# હાથ ઉદ્યોગનું શાળા શિક્ષણ આર્થિક સદ્ધર બનાવે



ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

### ગાંધીએ શિક્ષણમાં સ્વદેશીની વાત 'વર્ધા યોજના'માં વ્યક્ત કરી હતી

ગાંધીએ શાળા શિક્ષણમાં સામાન્ય કેળવણી અર્થે હાથઉદ્યોગ શીખવવાની અને પ્રજાની જરૂરિયાત હોય એવા ઉત્પાદકો કરવાની હિમાયત કરી હતી. આ વિચાર સામે એક પ્રશ્ન પણ આવ્યો હતો કે દેશની હજારો શાળામાં તૈયાર થતા માલ ઉત્પાદન સામે સ્થાનિક વેપાર અને વેપારીઓનું શું થાય. અલબત્ત આ પ્રશ્ન એ વખતે પણ અસ્થાને હતો અને એક રીતે આજે પણ નિરર્થક ગણી શકાય એમ છે. પરંતુ આપણે એ સમયના સંદર્ભે એનો જવાબ જોઈએ. એક વાત તો સીધી સમજાય એવી છે કે જયાં સુધી બધી જાતની ચીજવસ્તુઓનું ઉત્પાદન મોટા પ્રમાણમાં વધારવામાં ન આવે ત્યાં સુધી દેશની આર્થિક સ્થિતિ સુધરે જ નહીં. એ સમયે પણ હિંદુસ્તાનને ઓછા ઉત્પાદન થતું હોવાથી ઘણું વેઠવું પડતું હતું. ભારત દેશ એ સમયે અર્ધ ભૂખ્યો, અર્ધનગ્ન તથા ઉપભોગના પદાર્થોની બાબતમાં ઓછપવાળો છે, ત્યારે પણુ તેની જે માગ છે, તેને પહોંચી વળી શકે તેટલું આ દેશનું ઉત્પાદન નથી. તો પછી ટીકાકારો ઉત્પાદનની આ નવી દિશાથી શા માટે ગભરાઈ જાય છે? જ્યાં સુધી બજારો માલસામાનથી ઊભરાઈ જતાં નથી, તેમ જ દેશને જોઈએ એ તેના કરતાં ઉત્પાદન વધી જતું નથી, ત્યાં સુધી ઉત્પાદનમાં વધારો કરવાના આપણા ઈચ્છિત ધ્યેયને મદદગાર નીવડે તેવા બધા માર્ગો અને સાધનો આપણે આવકારવાં જોઈએ. આપણા ટીકારારો બંને બાજુએથી આપણને ટોકી ન શકે. એક બાજુ તેઓ દેશનું ઉત્પાદન બહુ એછું હોવાની ફરિયાદ કરે છે, અને છતાં બીજી બાજુ તેઓ ઉત્પાદનમાં વધારો કરે તેવી એક યોજનાને ઉતારી પાડે છે; અને તે પણુ એક જ કારણે કે, એ વધુ ઉત્પાદન કરનાર યંત્ર અતિ જટિલ એવું મતુષ્ય-યંત્ર છે, અથવા તો હાથ વડે ચલાવી શકાય તેવું જૂના જમાનાનું છે, અને પરદેશથી આયાત કરેલું તથી. છેવટે મુદ્દાની વાત તો ઉત્પાદનમાં વધારો થાય એ છે; નહીં કે તે માટે કઈ જાતનું યંત્ર વાપર્યું એ, એમ કૃપલાણી સમજાવે છે.

પરંતુ હજુ આગળ જઈતે આપણુતે યાદ દેવડાવવામાં આવે છે કે, લાખો શાળાઓમાં પેદા થયેલો આ માલ બજારમાં આવશે, ત્યારે ચાલુ ઉદ્યોગધંધામાં ભારે ઊથલપાથલ મચી જશે. તેનાથી ચાલુ ઉદ્યોગોને ધોકા પહોંચશે, તથા દેશના પ્રજનજતોતે હસ્તક ચાલતા ખાનગી વેપાર ધંધાને રાજ્યહસ્તક ચાલતી શાળાઓ મારફૃત થયેલા ઉત્પાદનની હરીફાઈ નડશે.

આમ ખસૂસ બનશે જ કે કેમ, તે આપણે તપાસીએ. હિંદુસ્તાનને માલના વધુ ઉત્પાદનતી જરૂર છે, એ નિર્વિવાદ છે. એ વાતનો કશો પણુ અથ હોમ તો એટલો જ છે કે, આજે દેશ અન્ન તેમ જ કાચા તેમ જ તૈયાર માલનો મોટો જથ્થો પરદેશમાંથી ખરીદીને લાવે છે. જે એ સાચું હોય, તો આપણા દેશમાં જેટલું ઉત્પાદન વધશે, તેટલે ઓછો માલ આપણે પરદેશથી ખરીદવો પડશે. આમ, ઘણા લાંબા વખત સુધી દેશમાં ચાલતા ધધા કે ઉદ્યોગને શાળાઓના ઉત્પાદનથી કશી હરીફાઈ વેઠ્વાપણું તહીં આવે. ઉત્પાદન વધારવા મારે દેશ જે કોઈ યોજના અમલમાં મૂકશે, તેમાં અમુક જાતનું આર્થિક નિયોજન તો હશે જ, કે જેથી નવો વધારે ઉત્પન્ન થયેલો માલ વણવપરાયો ન જ પડી રહે. આપણે ગમે તે સાધતો સ્વીકારીશું તોપણ, નવો ઉત્પન્ન થયેલો માલ દેશમાં ઉત્પન્ન થતા બીજા માલ સાથે અથડામણમાં ન આવે, પણુ આપણાં બજારોમાં માત્ર પરદેશથી આવતા તેટલા માલને હાંકી કાઢે એનું થાય, એ માટે યોગ્ય પગલાં આપણે લેવાં જ પડશે. તેથી જ ગાંધીજી ભારપૂર્વક જણાવ્યા કરે છે કે, શાળાઓમાં ઉત્પન્ન થતા માલને ઠેકાણે પાડવાની જવાબદારી સરકારે શિર હોવી જોઈએ અર્થાત્ એ માલને સરકારતે પોતાની અનેકવિધ જરૂરિયાતો પૂરી પાડવામાં વાપરવો પડશે. તેમ થતાં જે બાકી રહેશે તેને વેચવાની સગવડો તેણે વિચારવી પડશે. કોઈ ડાહી સરકાર પહેલેથી ચાલતા આવેલા વેપારધંધાને ભોગે એ સગવડો નહીં ઊભી કરે. પ્રથમ તો તે પરદેશથી આયાત થતી વસ્તુએ સામે નજર કરશે. કોઈ પણ સરકાર છેક જ અક્કલ વિનાની ન હોય, તો આ થોડુ નિયોજન તો તેને તરત જ સૂઝી આવે. મારું એવું માનવું છે કે, સાર્વત્રિક કેળવણીની 'પોતાની યોજના માટેના ખર્ચની વ્યવસ્થા કરવા માટે બધી પ્રાંતિક સરકારો ભેગી મળીને - અરે મહાસભાવાદી સરકારો એકલી જ - આજે પણુ મધ્યસ્થ સરકાર ઉપર[1] વણુમાગ્યા આયાત થતા માલની સામે યોગ્ય સંરક્ષણ મેળવવા માટે પૂરતું દબાણુ લાવી શકે છે. જરૂર પડે તો રાષ્ટ્રહિતની આવી યોજનો માટે બંધારણીય મઠાગાંઠો પણ ઊભી કરી શકાય. એ વાતને લોકોનો પણ ટેકો હશે જ, એટલે અંતે મધ્યસ્થ સરકારને નમ્યા વિના બીજો આરે રહેશે નહી.

(ધ લેટેસ્ટ ફેડ : લેખક આચાર્ય કૃપલાણીજીનો સંદર્ભ લેખમાં સમાયેલો છે.)